

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

તન ને મનની તંદુરસ્તીમાં દુષણ છે
વૈચારિક સમજ શક્તિમાં અપોષણ છે
કરે છે શોષણ સત્તાધીશો સર્વે ક્ષેત્રોમાં -
વિશ્વમાં સહ અસ્તિત્વમાં જ પ્રદુષણ છે...
(ગ્લોબલ ગરબડીની ચિંતા)

હાઈકુ

તુલાનો કાંટો
પાટીદારનું પલ્લું
છે ડામાડોળ
(આજે પરિણામ)

ડાહીની શીખ
ખાવા માટે નકામાં
હાથીના દાંત
(મનની બાત)

### ચિંતન

**ન અસ્તિ કામ સમો વ્યાધિર્નાસ્તિ મોહસમો રિપુઃ ।**
**ન-અસ્તિ કોપસમો વહ્નર્નાસ્તિ જ્ઞાનાત્ પરં સુખમ્ ॥**

'ચાણક્ય નીતિ'નું આ સૂત્ર છે :

'કામ-વાસના જેવો બીજો કોઈ વ્યાધિ-રોગ નથી, 'મોહ' સમાન કોઈ શત્રુ નથી, અને ક્રોધ જેવો કોઈ અગ્નિ નથી. અગ્નિ જીવતાં જ હૃદય-આત્માને બાળે છે.' અને જ્ઞાન જેવું કોઈ સુખ નથી.'

આમ શ્રી ચાણક્યને મતે :

● કામથી મોટો કોઈ રોગ નથી, આથી જીવનમાં, મનમાં-ચિત્ત વિચારમાં-સંગતમાં જરા પણ આ રોગનાં લક્ષણ (સિમ્પટન) દેખાય કે તરત તેને દાબી દેવા નો ઉપચાર કરવા - સત્સંગ-સદ્‌વાચન-આધ્યાત્મ તેનો ઉપાય છે.

● ક્રોધ, અગ્નિ છે તે દઝાઢે પેલાં 'ક્ષમા, ધૈર્ય' જેવી પાણી-રેતીની બાલધી તૈયાર રાખવી.

● મોહ થવા - ધન-પરિવાર-સંપત્તિ પરનો મોહ લોભનું બાહ્ય સ્વરુપ છે. 'સંતોષ' તેનો ઉપાય છે.

'જ્ઞાન' આ બધામાં ઉત્તમ સુખ આપનારું તત્ત્વ છે. 'જીવન સાચી રીતે, સત્ય સાથે, નિષ્ઠાથી જીવવાની સમજ એટલે જ જ્ઞાન.'

### સુવિચાર

● જેની કબર જીવે એનું નામ ફકીર - **હજરત સુલતાન**
● સુખ એટલે ? આપણી પાસે જે હોય, તેના કરતાં સહેજ વધારે - **સંત રોબિન**
● પ્રતિભાશાળી માણસ નવરો બેઠો હોય તો તેની કિંમત કોડી નીયે નથી - **એસ. ભટ્ટાચાર્ય**
● પ્રેમાળપણાની આદત કેળવો, ધૃણા તમારા સ્વભાવમાંથી વિદાય લેશે શાણપણની આદત કેળવો, બે જવાબદારી તમારા જીવનમાંથી અદૃશ્ય થશે - **હૃદયસૂત્ર**
● સાચી મહાનતા પ્રદર્શનની ઓશિયાળી નથી હોતી, એ કારણે એને જૂઠાણાના મેકઅપની ગરજ પણ પડતી નથી - **શાહબુદ્દિન રાઠોડ**
● કદી અહેસાન ન લેવાનો મોટો ફાયદો આ... ગમે ત્યાં જઈ શકાતું હોય છે મસ્તક ઉઠાવીને - **અમૃતિબંદુ**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ તો સંસદ શરુ થાય તે પહેલાં, સરકારી મિટિંગોમાં, પત્રકારો સારું લખે એટલા માટે, ખાણીપીણીનું મોટું આયોજન થાય છે એનો બધો ખર્ચ સરકારના ખાતામાં જ પડે! ખાયકીનાં મહામાયા, મયાવતીના રાજયમાં જ પૂર્વ મુખ્યમંત્રી ગોવિંદ વલ્લભ પંથની આ વાત છે :

મુખ્ય પ્રધાન પંતના સચિવે એક નાનું બીલ પંતની સહીમાં મૂકતાં કહ્યું, સાહેબ આ બીલ પર, 'મંજૂર' લખ્યું છે ત્યાં આપની સહી કરી ઘો!

પંતે પીએને પુછ્યું, શેનું બીલ છે?

મદદનીશ કહે, સાહેબ બે દિવસ પહેલાં આપણે સચિવોની નાની બેઠક બોલાવી હતી એમાં જે ચા-બિસ્કીટનો ખર્ચ છે 'છ રૂપિયા બાર આના' થયો હતો એનું કેન્ટીનનું બીલ છે.

પંતે તરત જ ખિસ્સામાં હાથ નાખી સાત રૂપિયા બીલ પર મૂકતાં કહ્યું, સરકારી સમયમાં સરકારી કામ કરવાનો પગાર આપણને મળે જ છે. એ કામ કરવા માટે - પીવાતા ચા-પાણીનો ખર્ચ સરકાર શા માટે ભોગવે?

આવા હતા - અખિલેશ - મુલાયમ -માયાવતીના પુરોગામીઓ...

## રાષ્ટ્રપતિ માટે ગુજરાત પોતીકું રાજ્ય

### તંત્રીસ્થાનેથી....

વર્ષો સુધી કેન્દ્રમાં ગુજરાતમાંથી ચૂંટાયેલા રાજયસભાના સાંસદ તરીકેની ઓળખ ધરાવતા પ્રણવ બાબુ કોંગ્રેસની જૂની પેઢીના વરિષ્ઠત્તમ નેતા છે અને ઈંદિરા ગાંધી, રાજીવ ગાંધી તેમજ ડૉ. મનમોહનસિંહની સરકારોમાં અનેક મહત્ત્વપૂર્ણ ખાતાં સંભાળી ચૂક્યા છે. એમની કુશાગ્ર બુદ્ધિમતાને કારણે અને સર્વાશ્લેષી અભિગમને લીધે તેઓ લાંબા સમય સુધી ઉચ્ચ પદો પર રહ્યાં છતાં બિનવિવાદાસ્પદ રાષ્ટ્રીય નેતાની ઈમેજ ટકાવી શક્યા છે. દેખીતી રીતે જ એમને કયારેક પોતાના નાણા વિભાગ હસ્તક સચિવ કે રિઝર્વ બેંકના ગવર્નર રહી ચૂકેલા ડૉ. મનમોહનસિંહના હાથ નીચે 'નંબર ટુ' મંત્રી તરીકે કામગીરી બજાવતાં થડકારો તો થયો જ હશે, પણ આ બંગાળી ચાણક્ય પુરુષે એવા તો કંઈ કેટલાય કડવા ઘૂંટડા ગળ્યા પછી રાષ્ટ્રપતિ ભવનમાં પ્રવેશવાનું સપનું સાકાર કર્યું છે. 'પ્રણવદા' ના હુલામણા નામે ઓળખાતા આ નેતાએ છેલ્લે પશ્ચિમ બંગાળમાંથી લોકસભાની ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો અને રાષ્ટ્રપતિ બન્યા પછી એમની ખાલી પડેલી બેઠક પર એમના સુપુત્રને જ કોંગ્રેસે ટિકિટ આપી સાંસદ બનાવ્યા હતા. ગયે વર્ષે ઘરભંગ થયેલા પ્રણવબાબુ ગુજરાતની મુલાકાતે આવ્યા છે ત્યારે પરિવારના સદસ્યોને પણ સાથે લઈ આવ્યા છે. એમનું સુપુત્રી શર્મિષ્ઠા દિલ્હી પ્રદેશ કોંગ્રેસનાં સક્રીય આગેવાન છે. સાવ છેવાડા ગામડાના ખેડૂતો પરિવારનું ફરજંદ રાષ્ટ્રપતિ પદે પહોંચ્યા પછી પણ 'ડાઉન ટુ અર્થ' રહેવા ટેવાયેલ છે. તેથી સ્તો પરંપરાગત રીતે રાષ્ટ્રપતિ માટે જે 'મહામહિમ' જેવા સંમાનસૂચક વિશેષણનો ઉપયોગ થતો રહ્યો છે, તે એમને બંધ કરાવી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હોમ સ્ટેટની મુલાકાતે પધારેલ પ્રણવ બાબુ એમની ત્રિદિવસીય મુલાકાતના પહેલા ચરણમાં ગુજરાતની હળુહળુ સર્જનાત્મકતાને પુરસ્કારે છે તે જ એમની મેધાવી પ્રતિભાની દ્યોતક ઘટના નથી લાગતી શું? વિશ્વપ્રસિદ્ધ 'આઈઆઈએમ' અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના સંયુક્ત નેજા હેઠળ એમણે રાજયમાં એકત્રીજ પ્રજવલિત તરૂણ મસ્તિષ્કોને અબ્દુલ કલામ ઈગ્નાઈટ એવોર્ડથી નવાજ્યાં. દેશને એમણે એકસો વીસ કરોડ ક્રિયેટીવ માઈન્ડ ધરાવતા મહાન દેશ તરીકે ઓળખાવી સંશોધન ક્ષેત્રે કાર્યરત નવી પેઢીને પ્રોત્સાહિત કરી છે. એ જ રીતે 'અમૂલ' ના કેટલ ફૂડ પ્લાન્ટના ઉદ્‌ઘાટન માટે અમૂલ મૉડેલ મુજબ ખેતીની પૂરક વ્યવસાય તરીકે પશુપાલન વિકસાવવા સૂચન કર્યું. ખેડૂતને બે પાંદડે કરનાર ડેરી ઉદ્યોગનું અમૂલ મોડલ દુનિયાભરમાં વખણાયું છે. રાષ્ટ્રપતિ ગુજરાત આવે અને ગાંધીને થોડા ભૂલે? ગૂજરાત વિદ્યાપીઠે પરંપરાગત રીતે એના સ્થાપના દિવસ - ૧૮ ઑકટોબરે યોજાતો આવેલો દીક્ષાંત સમારોહ રાષ્ટ્રપતિની અનુકૂળતા ખાતર પહેલી ડિસેમ્બર પર પાછો ઠેલ્યો છે તે સૂચક છે. ગૂજરાત વિદ્યાપીઠ એ ગાંધીવિચારની વિદ્યાપીઠ છે અને પ્રતિકૂળ સંજોગોમાં પણ એ બિનસાંપ્રદાયિકતાના ગાંધીવિચારને મજબૂતાઈપૂર્વક વળગી રહી છે. પ્રણવ બાબુ કેન્દ્ર શાસિત દીવ ઉપરાંત દ્વારકાની મુલાકાત પણ લેવાના છે. તેઓ દ્વારકાધીશનું પાદુકાપૂજન પણ કરવાના છે અને પછી જગદ્‌ગુરુ શંકરાચાર્ય સાથે પણ બેઠક યોજવાના છે. આમ, કયારેક સંસદમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનારા વર્તમાન રાષ્ટ્રપતિ ગુજરાતની મુલાકાતે આવ્યા છે ત્યારે હળવે હૈયે પૂરો સમય કાઢીને આવ્યા છે. તેઓ ગુજરાતની સંસ્કૃતિના પ્રશંસક રહ્યા છે. વળી પોતે ગુરુદેવ રવીન્દ્રનાથની ભૂમિનું ફરજંદ છે અને તેઓ ગુરુદેવના ગાંધીજી સાથેના સંબંધોથી સુવિદિત છે. રાષ્ટ્રપતિની ગુજરાતયાત્રા ગુજરાત માટે અને સવિશેષ ગાંધીનગર માટે પણ ગૌરવની ઘટના છે. તેઓઓ રાજભવન ખાતે જ રોકાણ કરવાનું પસંદ કરીને ગાંધીનગરને વિશેષ ગૌરવાન્વિત કર્યું છે. અસહિષ્ણુતા જેવા મુદ્દે પણ સૌથી પહેલાં નિષ્પક્ષ માર્ગદર્શન આપી એમણે દેશના પ્રથમ નાગરિકને છાજે એવો સમાધાનકારી અભિગમ અપનાવ્યો હતો, તેની પણ આપણે સાદર નોંધ લેવી જ જોઈએ.

## વર્ગખંડ અર્થાત્ વિચારોની પાઠશાળા, ચિંતનની મહાશાળા અને કીમિયાઓની જાદુનગરી



વિચારોના મધુવનમાં
પ્રો. રાકેશ પટેલ

વર્ગખંડને હું વિચારોની પાઠશાળા, ચિંતનની મહાશાળા અને કીમિયાઓની જાદુનગરી તરીકે જોતો આવ્યો છું. વર્ગમાં પ્રવેશતો વિદ્યાર્થી નબળો કે સાધારણ હોઈ શકે છે પરંતુ...વર્ગ પૂર્ણ કરીને બહાર નીકળતો વિદ્યાર્થી સ્વપ્નશીલ અને વિચારશીલ બનીને નીકળતો હોય છે. હજી પણ મોટાભાગના વિદ્યાથીઓ શિક્ષકને કે અધ્યાપકને માર્ગદર્શક રૂપે જોતા રહેલા છે. છેવટે તો, શિક્ષકનું તેજ વિદ્યાથીમાં નીતરતું અને ઉતરતું હોય છે. અધ્યાપક ઈચ્છે તો વિદ્યાર્થીને ઝંખનાનું ખેતર, વિચારનું વાદળ અને ચિંતનનો ચોમાસું આપી શકે. અંતે... ઉગી નીકળશે જ્ઞાનનો સોનેરી લહેરાતો અને મલકાતો મોલ.

આજે હું વર્ગમાં પહોંચ્યો ત્યારે વિદ્યાથીઓના ચહેરા કંઈક તરડાયેલા અને ખેંચાયેલા લાગ્યા. મેં કારણ ન પુછ્યું. તેમની સામે એક સ્મિત કરીને કહ્યું કે તમારી સામે કોલેજના ત્રણ વર્ષ અકબંધ પડ્યા છે. મારે તો તમને એમ કહેવું છે કે ત્રણ વર્ષમાં ત્રણ ચોટદાર અને આવશ્યક સૂત્રો શીખી લેશો તો તો તમારો બેડો પાર થશે તે નક્કી ! આ ત્રણ સૂત્રો તમારા ભવિષ્ય માટે સોનાની લગડીઓ સાબીત થશે.

તમારે એક વાત મનમાં બરાબર બેસાડી દેવાની છે કે જે સમયને માન આપે છે તેને સમય ક્યારેય નિરાશ કરતો નથી. તમને થશે કે એવા ક્યાં ત્રણ સૂત્રો છે જે અમારા ભવિષ્યને ચમકતું કરવા સક્ષમ છે. હા... તો મિત્રો ! પ્રથમ સૂત્ર છે ખૂબ વાતો કરો.... અરે શાંત... શાંત... મારું વાક્ય અધૂરું છે. ખૂબ વાતો કરો પણ તેના વિષયો બદલી નાખો. અર્થાત તમે વર્ગમાં કે વર્ગ બહાર મિત્રો કે અન્ય સાથે વાતો કે વાતચીત તો કરો જ છે. એમાં તમારે કેટલાક નાના-નાના ફેરફાર કરવાના... જેમ કે, વર્તમાનપત્રમાં આવતા વિષયો, ઘટનાઓ , સમાચાર કે વિવિધ અહેવાલોને તમારી વાતચીતનો વિષય બનાવવા. વિવિધ સામયિક , જર્નલ કે ગ્રંથોની ચર્ચાને નવેસરથી ઉપાડતા થાવ.... તમારો મત વિના સંકોચે પ્રદર્શિત કરો. આવું કરવામાં કોઈક મિત્ર તમને વેદિયો કે દોઢ ડાહ્યો કે એવી બીજી ઉપાધિ આપી દે તેની ચિંતા બિલકુલ કરતા નહિં.

આ એક સૂત્ર તમને સામાન્યજ્ઞાન (જી.કે.) ના દરિયાના મરજીવા બનાવી દેવાની શક્તિ ધરાવે છે. એકવાર તમને વાતચીતનો વિષય બદલતા આવડી જશે પછી એક-બે મિત્રો તો તમારા તરફી થઈ જશે. રોજની આવી વાતચીત એક એવું શુદ્ધ અને નિખાલસ વાતાવરણ જન્માવશે જે મિત્રોમાં તમારી એક અલગ ઓળખ ઊભી થશે. બીજા મિત્રોને તમારી દોસ્તીની ઝંખના થશે. તમને પણ કોઈક વાર તમારો સમોવડિયો મળી જશે. હરિફાઈ થશે. પણ... થવા દો.... ચોટ વાગવા દો.... પણ પરિણામ... એકદમ નવીન અને અર્થ સભર.

મારી વાતનો તંતુ સાંધતા કહ્યું કે મિત્રો પહેલું સૂત્ર તો તમે બરાબર જાણી લીધું. તેને અપનાવવામાં કોઈની મંજૂરીની જરૂર ખરી કે ? બધાની આંખોએ નકારમાં જવાબ આપી દીધો. પ્રથમ સૂત્રનું નામ શું આપીશું ? 'સત્વસભર વાતચીત' હવે બીજા અદકેરા સૂત્રની ચર્ચા આગળ ચલાવી. બીજા સૂત્રને આપણે કહીશું... 'તમારા મતને જાહેરમાં પ્રગટ કરવો'.... અર્થાત્ 'વિનાસંકોચ મતનું પ્રગટીકરણ'. જ્યાં સુધી તમે અંગત (જાણવા યોગ્ય) વાતચીતને જાહેરમાં ચર્ચા માટે મૂકતા નથી ત્યાં સુધી તે વાતની પરિપક્વતાની કસોટી થતી નથી. આપણે શિક્ષિત વ્યક્તિ કોને કહીશું? જેની પાસે કોઈ ઉપાધિ કે ડીગ્રી છે? જેની પાસે સ્નાતક કે ડિપ્લોમાનું પ્રમાણપત્ર છે ? ના... બિલકુલ નહિ! શિક્ષણની અનેક વ્યાખ્યાઓમાંની એક વ્યાખ્યા છે કે તમારો મત તમે સમૂહ સમક્ષ નિર્ભિક રીતે અને બધા સમજી શકે તે રીતે વ્યક્ત કરી શકવાની ક્ષમતા. ઘરમાં પધારેલ કોઈ અતિથિ સમક્ષ, ગામના ચોરે મળેલ મેદની સામે, શાળા-કૉલેજના મિત્રો સાથે કે જાહેર મંચ હોય; બધે જ તમારી પ્રતિભાને ખુલ્લી મૂકો અને તમારું હીર ઝળહળતું કરો...

બીજા સૂત્ર વિશે સાંભળીને વિદ્યાર્થીઓ કંઈક ગંભીર અને શાંત થયા હોય તેવો અનુભવ થઈ આવ્યો. તેઓ જાણે કે સમજવા લાગ્યા કે અમારી પાસે પણ કશીક જવાબદારી અને કરવા જેવા કામ છે. અમે પણ આગળ કોઈને કોઈ ક્ષેત્રમાં ઉત્કર્ષ કરી બતાવશું. વગેરે...

હવે ત્રીજા અને અંતિમ સૂત્રને સમજાવવાનો ઉપક્રમ શરૂ કર્યો. મેં યુવામિત્રોને સમજાવ્યું

**અનુસંધાન પાના નં. ૭ પર**

## વીનુના ગયા પછી મારા મનમાં એક સ્વચ્છ તસ્વીર ઊભરી આવી છે, વિપુલ મારું સત્ય છે અને મારું એ સત્ય જ મારું જીવન છે અને હું તેનું સર્વસ્વ છું



નવાં કલેવર
નટવર હેડાઉ

'લતા જીવન જીવવાનું કેટલું કપરું છે.' તેણે એમ કહેલું તે આજે પણ મને ઘણી વખત યાદ આવે છે.

તેનું અસલ નામ વિનોદ હતું પણ હું તેને વીનું કહેતી. વિશાળ અને ઉદાર હૃદયવાળો વીનુ મને ભણાવવા આવતો હતો. તે સમયે હું દસમા ધોરણમાં ભણતી અને તે સ્નાતકનો અભ્યાસ કરતો. ગરીબ કુટુંબનો હોવાથી તે અમદાવાદમાં પોતાનો ભણવાનો ખર્ચો ટ્યુશન કરીને કાઢતો હતો.

તેના ચહેરા પર હંમેશા દુઃખની છાયા જોઈ શકાતી. મેં હંમેશા તેની સરોવર જેવી સુખદ અને સાગર જેવી ઊંડી આંખોમાં કંઈક શોધવાનો પ્રયત્ન કર્યો. પરંતુ હું કંઈ શોધી શકી ન હતી. કોણ જાણે કેમ?

હું હંમેશા વિચારતી કે વીનુમાં એવું તે શું છે કે હું હંમેશા તેના વિષે જાણવા ઉત્સુક રહું છુ. હું તેના દર્દને જાણવા માગું છું અને ખુદ પણ એ દર્દની વેદના અનુભવવા માંગુ છું.

છેવટે એક દિવસ મેં તેનું એ દર્દ જાણી લીધું. તે ક્ષણ કેવી અણમોલ હતી જયારે મને તેના દર્દનો અહેસાસ થયો. તેણે પણ ખબર પડી ગઈ કે હવે તેનું રાઝ કોઈ રાઝ રહ્યું નથી. પરંતુ તેને વચન લીધેલું કે હું આ વાત મારા કુટુંબને કે મારી બહેનપણીઓને કહીશ નહીં.

મેં પણ હા પાડી દીધેલી. તેનું રાઝ જાણ્યા પછી હું તેની જીવનસાથી બનવા માંગતી હતી. તે ગંભીર રહેતો પણ હું ખડખડાટ હસતી અને મજાક કરનાર મુગ્ધબાળા હતી. તો બીજી તરફ એ રોજીંદા જીવનમા ગમોને પચાવવામાં માહિર હતો. વીનુ પાસે મારું ભણવાનું ચાલતું હતુ. સમયના કેલેન્ડરના પાનાં ફાટતાં રહ્યાં પણ મને તો ન સમયનું ભાન હતું કે ન મારું પોતાનું. સવારથી રાત સુધી મારા દિલોદિમાગ પર વીનું જ છવાયેલો રહેતો હતો. અને તેના સપનાની દુનિયાની મહારાણી બની હું કલ્પનાની દુનિયામાં ખોવાયેલી રહેતી હતી. મને એ પણ ખબર ન રહી કે સપનાની દુનિયામાં હું ખુદ કુદી પડી કે પછી...

પ્રેમની આ અનુભૂતિ હતી કે પછી ભેદ જાણવાનો સુખદ અનુભવ. તેની દરેક વાત હું ધ્યાનથી સાંભળતી. તેણે લખેલ રફ પાનાં પણ હું સાચવીને રાખતી. સવારે ઉઠું ત્યારથી સાંજ થાય તેની રાહ જોવી કે જયારે તે આવતો અને...

વીનુની જિંદગીની વાત પણ કંઈક અજબ હતી. હું તેની જિંદગી બાબતમાં કાયમ વિચારતી અને તેમાં કલાકો સુધી ખોવાયેલી રહેતી. પરંતુ ભગવાનને કદાચ વીનુ માટેની મારી આ લાગણી, તેને મેળવવાની મારી ઉત્સુકતા પસંદ નહોતી. વીનુ મારી પાસે હતો છતાં મને સતત ભય લાગતો અને આશંકા થતી કે સામાજિક રીતે તેની જીવન સંગીની બની શકીશ કે નહીં? આ ગડમથલની વચ્ચે એક દિવસ વીનુંએ કહ્યું કે -

'લતા, મારું રીઝલ્ટ આવી ગયું મારે મુંબઈ એક સંસ્થામાં ભણવા જવું પડશે. પાંચ વર્ષની લાંબી તપસ્યા પછી મારું સપનું સાકાર થઈ રહ્યું છે. મુંબઈ ત્રણ વર્ષ ભણ્યા પછી મને સારી નોકરી મળશે.'

'લતા તું એ વિચારી પણ નહીં શકે કે ભણ્યા પછી હું સી.એ. થઈશ ત્યારે મારા પિતા કેટલા ખુશ થશે. એક અભણ ગામડિયાનો દીકરો સી.એ. ચમચમતી ઓફીસ, બંગલો, કાર...'

વીનુની આંખોમાં ગજબની ખુશી હતી. જયારે હું એક તરફ ખુશ હતી તો બીજી તરફ મારા દુઃખનો કોઈ પારાવાર ન હતો. આજની ક્ષણ મારી જિંદગીની સૌથી સારી ક્ષણ હતી અને મારી જિંદગીમાં સૌથી દુઃખની ક્ષણ પણ હતી. હું એક આંખે હસી રહી હતી અને બીજી આંખે જાણે કે રડી રહી હતી.

વીનુ અમદાવાદ છોડીને જાય એ મારા માટે એક અકસ્માત હતો. એક તરફ ભગવાને વીનુની એક ઈચ્છા પુરી કરી તો બીજી તરફ તેમણે મારું સર્વસ્વ છીનવી લીધું હતું.

વીનુ મુંબઈ જતો રહ્યો. જવાને દિવસે એ મને મળવા આવ્યો. તેની ઈચ્છા હતી કે હું તેને સ્ટેશને વિદાય કરવા આવું. તે વારંવાર પોતાની આ ઈચ્છા પ્રદર્શિત કરી રહ્યો હતો. તેની ઈચ્છા હતી કે ટ્રેન ઉપડે તે સમયે હું તેની આંખોની સામે રહું. પણ કદાચ ભગવાનને એ મંજૂર ન હતું. રોજ મોડા આવતા મારા એસ.પી. પિતા તે દિવસે વહેલા ઘરે આવી ગયેલા. અને તમે મારા પિતાને જાણતા નથી. ઘેર આવતાની સાથે તેમનો એસ.પી.નો દમામ ઘરવાળાઓ પર ચાલુ થઈ જશે. ઘરમાં કોણ કોણ છે, જો કોઈ ઘરમાં નથી તો કેમ નથી. તે આવે તે સાથે તેની સાથે એવા સવાલ-જવાબ કરવામાં આવતા કે જાણે તેને કોઈ મોટો ગુનો કરી નાંખ્યો ન હોય. તેથી પિતાજી ઘરમાં હોય ત્યારે મારા માટે સાંજે કે રાતે બહાર નીકળવું મુશ્કેલ હતું. વીનુની ટ્રેનનો સમય રાતના દસનો હતો. એટલે ગમે તેટલો પ્રયત્ન કરું તો પણ હું રાતે ઘરની બહાર નીકળી ન શકું.

મન મનાવ્યું કે વીનુનો પત્ર આવશે ત્યારે જવાબમાં તેને મારી મજબુરી જણાવી દઈશ. મને વીનુ પર ભરોસો હતો. વીનુના ગયા પછી બીજા દિવસથી હું તેના પત્રની રાહ જોવા લાગી.

હવે મારા માટે વીનુની યાદ એક માત્ર આશરો હતો. રોજ બપોરે એક વાગ્યે ઘરનાં બારણે ઊભી રહી પોસ્ટમેનની રાહ જોતી એમ થતું કે આજ તો પત્ર જરુર આવશે.

આમ જ પત્રની રાહ જોતાં જોતાં બારમું ધોરણ પછી સ્નાતક અને એમ.એમ. થઈ પણ વીનુએ પત્ર ન લખ્યો.

કયારેક વિચારતી કે વીનુ બદલી ગયો અને પછી પોતાના જ વિચારને નકારતી વીનુ કંઈ બદલી શકે ખરો! મને જાણવાનું મન થતું કે સાચું શું, વીનુનું એક રુપ જે મને ભણાવતો એ કે પછી તેનું મૌન. છ વર્ષમાં એક પણ પત્ર ન આવ્યો. કયારેક લાગતું કે એમ મહાનગરમાં હું એને કયાં અને કઈ રીતે શોધીશ. અને વળી આટલો લાંબો સમય વીતી જવાને કારણે એવું બને કે તે મુંબઈમાં ન હોય, દિલ્હી, કલકત્તા કે ચેન્નાઈ પણ હોય.

તે દરમિયાન માતા-પિતા મારાં લગ્નની તજવીજ કરવા લાગ્યા. તેમાં એક આઈ.પી.એસ. છોકરાએ અને તેના કુટુંબે મને પસંદ કરી. હું કંઈ નિર્ણય લઈ શકતી ન હતી. એક તરફ વીનુંનું મૌન હતું, તેનો કોઈ પત્તો ન હતો, તેની યાદો, તેની સાથે વિતાવેલ ક્ષણો તો બીજી તરફ એક આકર્ષક ભણેલગણેલ, ઉચ્ચ કુટુંબનો આઈ.પી.એસ. વિપુલ હતો.

મન અને મગજ વચ્ચે સંઘર્ષ શરુ થઈ ગયો હતો. બંનેના પોતપોતાના તર્ક હતા. મન કહેતું હતું કે વીનુ જરુર મળશે, બુદ્ધિ કહેતી હતી કે નિશ્ચિત વિપુલને છોડીને અનિશ્ચિત વીનુની રાહ જોવી એ નરી મુર્ખતા છે.

પણ હૈયું મનને કહેતું કે મેં વીનુને મારો પતિ માની લીધો છે. મગજ કહેતું કે માનવાથી શું, જયાં સુધી લગ્ન ન થાય, ત્યાં સુધી કોઈ પતિ-પત્ની કહેવાતાં નથી.

મન અને મગજની આ લડાઈ વચ્ચે મને તો ખબર જ ન પડી અને મા-બાપે મને વિપુલના હાથમાં સોંપી દીધી.

નવું ઘર, નવું કુટુંબ, નવા સંબંધો બધું જ નવું. તેમાં જૂનું હતું, તો

**અનુસંધાન પાના નં. ૭ પર**

## ખિસ્સાનો ખેલ...!! ખાખી ચડ્ડીના ખજાનાથી લઈ બરમુડાની બુમરેંગ...!!



Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

શાળાના ગણવેશમાં ખાખી ચડ્ડી હતી, એટલે રવિવાર બાદ કરતાં શરીરે કાયમ ચોંટેલી રહેતી. આ જાડા કાપડની ચડ્ડીમાં બે મોટા ખિસ્સા, જાણે સમજોને એક નાનું ગોડાઉન. આ ખિસ્સામાં પાછાં ત્રાંસા, ખિસ્સામાં હાથ ઘાલીને ચાલીયે તોય એક સ્ટાઈલ બનતી. ખિસ્સામાં ઘણીબધી જગ્યા હતી. અને મોટે ભાગે આ ખિસ્સામાં છુપાયેલો રહેતો અલીબાબાનો ખજાનો...

આ ખિસ્સામાં તુવેરની સીંગો, મગફળી, જામફળ, બોર, કાતરાં, કેરી, રેવડી, સિંગદાણા, આંબળા, આંબોળીયા, ગોગ પાપડી, કોઠાં, કાળી માટીનાં ગાંગડા, કચૂકા, પલપલીયા, બિયાં (તરબુચ કે ટેટીના) કેરીની શેકેલી કે બાફેલી ગોટલી... અને હા ગોળ તો બારેમાસ હાજર સ્ટોકમાં જ મળે... વીણી લાવેલા જાંબુ અને ખિસ્સામાં ઠાંસીને ભરવાનો પ્રયત્ન અને એના જીદ્દી દાગને કારણે બગડેલી ચડ્ડી અને એથીયે વધુ એ ડાઘને કારણે મમ્મીનો મળેલો 'પ્રસાદ'... આ તો સર્વસાધારણ ઉપયોગ...

પણ અમે ઘણી વખત આ ખિસ્સાનો ઉપયોગ સામે ઉભેલો મિત્રને ચક્તિ કરવાં પણ કરતાં એટલે અવનવી વસ્તુઓ એમાંથી નીકળતી... અમિતાભથી ગબ્બર સુધીની ફિલ્મોની પટ્ટીઓ, નવાં ચિત્રોવાળી માસિસ બોક્સની છાપો, કોડીઓ, શંખ, છીપલાં, રેલ્વેની જાડી તો બસની ફાટેલી ટિકિટ, સિગારેટનો ચળકતો કાગળ, મળેલાં મોતી, જૂના સિક્કા, પક્ષીઓનાં પીછા, રંગીન ચોક, જાડી પેન, ઈન્જેકશનની સોય, થમ્સઅપના ઢાંકણામાં દોરી પરોવી બનાવેલી ગેમ, પતંગની દોરીના લચ્છા... આ બધું ખિસ્સામાંથી કાઢીને મિત્રોને ઈમ્પ્રેસ કરવાનો એક આનંદ હતો...

નોટબુકમાં મોરનું પીછું અને વિદ્યાના પાના મુકવાથી બુદ્ધિ અને વિદ્યા આવે છે, એ ચાલુ તાસે આજુબાજુને બતાવીને વટ આડતાં... સરિતા ઉદ્યાનના પ્રવાસે એક કાચબાનું નાનું બચ્ચું ઉપાડી લાવ્યા હતા. અને એકવાર મરઘીનું નાનું બચ્ચું એ ખિસ્સામાં ઘાલ્યું હતું... એક દોસ્તારે સાપની કાંચળી ખિસ્સામાંથી કાઢીને બતાવેલી... આ બધી વસ્તુઓ રાખનારા બધા શ્રીમંત કહેવાતા, આ બધી વસ્તુઓ અમારી સાથે ધાબા પરથી શેતરંજી પર સુઈ જતી, લખોટીઓ વેરાઈ પણ જતી... રવિવારે સવારે ચડ્ડી ધોવામાં જાય ત્યારે મમ્મી અમારો એ ખજાનો એક ખાનામાં મુકી દેતી અને એટલામાં તો અમારાં ખિસ્સામાં નવી વસ્તુઓ આવી પણ જતી...

> **ઉપરથી લાગતું સ્હેલું ખરેખર ખુબ અઘરું છે,**
> **ભીંતરથી જાગતાં રહેવું ખરેખર ખુબ અઘરું છે.**
> **નિરંતર ચાલવાની ટેવ છે શ્વાસોને સારું છે,**
> **નહીં તો જીવતા રહેવું ખરેખર ખૂબ અઘરું છે.**
> **- ડૉ. મનોજ જોષી 'મન' જામનગર**

બે દસકા પલટાઈ ગયા... માહોલ પણ બદલાઈ ગયો, શાળા-ગણવેશ અને એથી વધુ માનસિકતા બદલાઈ ગઈ. ખાખી ચડ્ડી વિદાય થઈ ગઈ... ચડ્ડીનું સ્તાન બરમુડાએ લીધું, એમાં નાના-મોટા ઘણાં ખિસ્સા હોય છે, પણ આ ખિસ્સા ભરેલાં નથી હોતા, ખાલીખમ હોય છે. તો પછી શું આજના બાળકો એકબીજાને ઈમ્પ્રેસ નથી કરતાં? તેઓ શ્રીમંત નથી? છે ને બૉસ, બધું જ છે, માત્ર એનું સ્વરુપ બદલાઈ ગયું છે...

દિવાળીની રજાઓમાં ભાણિયા-ભત્રીજાઓથી ઘર હર્યું-ભર્યું હતું. દરેક પાસે મોબાઈલ હતા. (કહેવાની જરુર કરી કે એ ટચ સ્ક્રિન કે એન્ડ્રોઈડ હતાં?) તેઓ એકબીજાને મોબાઈલ ગેમ, વીડિયો ક્લિપીંગ્સ બતાવતાં હતા, જેન્ડરથી એકબીજાના લીધેલા ફોટા ફટાફટ ટ્રાન્સફર કરતાં હતા. બહુ ઉત્સુકતાથી તેઓ એકબીજાને એ વીડિયો બતાવતાં હતા... ઘરમાં દિવાળીની ઘણી મીઠાઈ-ફરસાણ હતાં છતાંય સાંજે પિત્ઝા-પાસ્તાના પ્લાનિંગની ચર્ચા શરુ થઈ...



અવનવાં વીડિયો બતાવી આશ્ચર્ય ચક્તિ કરવાનો આ જમાનાનો ટ્રેન્ડ હતો...

કોની પાસે કેટલા વીડિયો છે, વૉટ્સ એપ પર શું નવું નવું આવ્યું છે, આમિરની અસહિષ્ણુતાના કેટલાં મેસેજ-જોક-ફોટા આવ્યા છે, 'પ્રેમ-રતન ધન પાયો'ના ગીતનાં ક્લિપીંગ્સ વગેરે વગેરે બતાવાની હોડ લાગી છે. જેમ ચડ્ડીને ખિસ્સું હોય જ, એમ છોકરાઓ પાસે મોબીલ જ હતો જ...

જમાનાની માંગને ધ્યાનમાં રાખી અમેય આ વીડિયો, વૉટ્સએપમાં રસ બતાવ્યો. ખરેખર અમુક વીડિયો તો અદ્‌ભૂત હતાં. વાંદરીને મારીને પછી એના બચ્ચાંને સાચવતાં દિપડાની, જમીનની અંદરનાં ભોયરામાં મરઘીના બચ્ચાંને સાચવતું સસલું, ચહેરાને ચિત્ર-વિચિત્ર કરી 'પ્રેમ રતન ધન પાયો' ગીત ગાતો છોકરો, લાફાવાળો એલાર્મ, બુલેટ ટ્રેન, પેરિસના આતંકવાદીની દિલધડક ધરપકડ... આ બધા વીડિયો જોવાની ખરેખર ખુબ મજા આવી. એટલામાં એક માત્ર ૧૮ સેકન્ડનો બ્લેક કોમેડી વીડિયો જોતાંજોતાં હસતાં હસતાં એકદમ અંતર્મુખ થયો...

આમ તો આ એક હસાવે એવાં દૃશ્યનો ટુકડો જ હતો, પણ મને મજા ન આવી ઉલ્ટાનો હચમચી ગયો... આપણાં મોબાઈલમાં કેટલાંય અફલાતુન વીડિયો આવે છે, પણ એ બનાવનારને એનું શ્રેય મળતું જ નથી. કારણ મેસેજ-વીડિયો મોકલનારને પોતે જ એનો નિર્માતા છે એવો ભાવ અદશ્ય હોય છે. આ વોટસ્એપના કારણે આ બધું કયાંનું કયાં પહોંચી જાય છે...

હા, તો વાત પેલા વીડિયોની હતી, એક-બે-ત્રણ-ચાર વાર જોઈ કાઢ્યો... એક શહેરમાં રસ્તાનું કામ ચાલું છું, માથે સૂરજ તપે છે, ચારેક વર્ષની નાનકડી મજૂર સ્ત્રીની બાળકી રસ્તા પર લગાડેલો સફેટ પટ્ટાને જોઈને ચાલી રહી છે. ફ્રેમમાં એ એકલી જ છે, એટલામાં એને કોઈ હાલતું હોય એવું દેખાય છે, એક કાલા રંગની આકૃતિ એનો પીછો કરે છે...

એ આ આકૃતિ જોઈને ગભરાય છે, દોડે છે, પેલી આકૃતિ પણ એનો પીછો કરે છે, છોકરી બૂમો પાડે છે, રડે છે અને રસ્તાની બાજુમાં આવીને ઊભી રહે છે, હવને એ પીછો કરનારી આકૃતિ પાછળ નહોતી, એને એકાદ ક્ષણ માટે હસવું આવે છે, પણ સામે જુવે તો ફરી એ જ કાળી આકૃતિ, એ જોરથી બૂમ પાડીને રહે છે, પાછા પગલે દોડે છે અને રસ્તા પર પડી જાય છે, વીડિયો ખતમ...

આ એનો પીછો કરનારી આકૃતિ એટલે એ નાનકડી છોકરીનો પડછાયો... નાના બાળકોને આ વીડિયો જોઈને મજા આવે એ સ્વાભાવિક છે, પણ આ વાત બહુ અર્થપૂર્ણ છે...

નાનકડી બાળકી બીજાના પડછાયાથી ડરી હોત તો વાત અલગ બનતા, પણ આ તો પોતાના પડછાયાથી જ ડરે છે, પહેલાં તો એ ડરતી છોકરી જોઈ મજા આવે છે, પણ પોતાના અસ્તિત્વથી દૂર થતી છોકરી

**અનુસંધાન પાના નં. ૭ પર**